

# અર્હદ્ પ્રેરણા પત્ર

❖ વર્ષ : 32 ❖ અંક : 1 ❖ S.No. : 477
❖ તા.16-4-2025 ❖ એપ્રિલ
છૂટક નકલ : રૂા. 6/-

## શાહપુર માનસમંદિરમ્ તીર્થે ૨૮મી છ ગાઉની ભાવયાત્રાની ઝલકો














દીક્ષા : ૮મી જુન - ૨૦૨૫, માનસમંદિર મુકામે
સમર્પણ : પૂ.પંન્યાસશ્રી વિરાગરત્ન વિ.મ.



ભરૂચ ગ્રુપ દ્વારા પાણીના કુંડાનું વિતરણ

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પથ

વર્ષ : 32 ❖ અંક : 1
S.No. : 477 ❖ વિ.સં.2081
તા.16-4-2025 ❖ એપ્રિલ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળ,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.**





## પ્રાર્થના

હે પરમાત્મા ! મારે મારા મનની દુષ્ટતા કાઢવી છે, મારા ચિત્તની મલિનતાને સાફ કરવી છે એટલે મારું મન તારામાં રહે, મારું ચિત્ત તારામાં ચોંટે એ માટે ઘણા વખતથી પ્રયત્ન કરું છું.

હે પ્રભુ ! મન જ્યારે ખોટા વિચારે ચડી જાય, ખોટી કલ્પનાઓ કરવા લાગી જાય છે ત્યારે તારા નામનો મોટેથી જાપ કરવા લાગુ છું અને થોડીવારમાં તો મન ડાહ્યું થઈ પાછું આવી જાય છે. પરંતુ વારંવાર આવું થવા પાછળ તો મારા ચિત્તની જ મલિનતા જવાબદાર છે ને ?

તો હે પરમેશ્વર ! મલિન એવા મારા ચિત્તને તું નિર્મળ કરી આપ. પ્રભુ તે માટે તો હવે હું માત્ર લૂખો–સુકો ખોરાક લઉં છું. કોઈ વ્યસન કરતો નથી. દુષ્ટ મિત્રોનો સંગાથ તો ક્યારનોય છોડી દીધો છે. વડિલોનો ખૂબ વિનય પણ કરું છું. તારી સૂચના મુજબ રાત્રે ખાવાનું પણ હવે છોડી દીધું છે અને ત્રિસંધ્યા તારું નામ સ્મરણ કરું છું. એકવાર નિત્ય તારી પૂજા કરું છું. પ્રભુ ! હવે ભીખારીને દાન કર્યા પછી જ ખાઉં છું. માતા–પિતાને પગે પડવાનું પણ ચાલું કર્યું છે. બોલ વહાલા હવે શું ખૂટે છે ? તું કહે તે કરવા તૈયાર છું પણ ચિત્ત તું નિર્મળ કરી આપ ! નહીં તો હું દુષ્ટકર્મો બાંધી ક્યાં જઈશ ? તારાથી જુદા તો નથી જ થવું !

## સંવેદના

મિલેગા બૂરે કર્મો કા ફલ, આજ નહીં તો કલ ! છાપાઃ વ્યભિચાર, રેપ, કાપાકાપી અને મર્ડરથી ઉભરાઈ રહ્યાં છે. લોકો ફિલ્મોમાં જોઈ પોતાના જીવનમાં પ્રયોગો કરી પોતાની મૂર્ખાઈ છતી કરે છે.

ભારતીય સંસ્કૃતિ અને મર્યાદાઓ કહે છે, 'પરસ્ત્રી માત સમાન અને પર ધન પત્થર માનીએ' આવું ન માનો તો તમે અઢળક પાપોને ફિક્સ ડિપોઝીટ કરી રહ્યા છો. જ્યારે પાપનો ઘડો ભરાશે ત્યારે ગમે ત્યારે ફૂટશે ! તે પછી તમે પી.એમ. હોય કે સી.એમ. હોય. પાપ એક દિન છાપરે ચડી પોકારશે. ત્યારે તમારી તમામ કારકીર્દી ધૂળમાં મળી જશે.

પાપનો પ્રવેશ થવાના રસ્તા કદાચ ઓછા છે. પરંતુ પાપને પ્રગટ થવાના રસ્તા હજાર છે. પરસ્ત્રીને જોવાનું પાપ માત્ર ચિનગારી સમાન છે જ્યારે તમારી ઈજ્જત, કારકીર્દિ કે તમારું સામાજિક જીવન તે રૂના ગંજ સમાન છે. એક નાનકડી ચિનગારી રૂના આખાય ગંજને બાળીને ભસ્મ કરી શકે છે.

માણસને છાટકા કરનાર પાપનો પૈસો છે. અનીતિનો વેપાર છે. લાંચરૂશ્વત, દગાબાજી, માયા, લૂંટ કે વિશ્વાસઘાતના રસ્તેથી આવેલો પૈસો માણસના તમામ પ્રકારના સુખોને બાળી સાફ કરી નાંખે છે. દારૂ, અકલ્યાણ મિત્રો અને દુર્બુદ્ધિ માણસના પતનમાં સહાયક તત્ત્વો છે.



**હેમસૂત્ર** માન્યું તું બુંદ છે અને 'એ' મહાસાગર ! પણ ભળીજા તું સમંદરમાં પછી તને કોણ મીટાવી શકશે ?

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૨
26 27 28

રાગના ૮ પર્યાયોની વાત ચાલે છે. તેમાં પાંચમો પર્યાય ગાર્ધ્ય છે.

**(૫) ગાર્ધ્ય :** ગૃદ્ધિ શબ્દ ઉપરથી ભાવવાચક ગાર્ધ્ય એટલે ગૃદ્ધિપણું તે પણ રાગનું કાર્ય. રાગ અપ્રાપ્ત વસ્તુઓની આકાંક્ષાઓ કરાવે. ઈચ્છિતને મેળવવાની સતત અભિલાષા કરાવે. જીવ જો આ ગૃદ્ધિપણાને વશ થાય તો તેનું આત્માર્થીપણું ચાલ્યું જાય.

વળી આ ગૃદ્ધિ જો અત્યંત બળવાન બને અને વસ્તુઓ કે વ્યક્તિ ન મળે ત્યારે માણસ અતિરાગના કારણે ડીપ્રેશનમાં ચાલ્યો જાય છે. પાગલ જેવો પણ બની જાય. જો કે, રાગના તમામ પરિણામો તીવ્ર બને છે ત્યારે ધીરે ધીરે જીવ મનની સમાધિ-મનની પ્રસન્નતા ખોઈ બેસે છે અને અંતે નબળુ થયેલું મન ડીપ્રેશનમાં ચાલ્યું જાય છે. પછી તેમાંથી બહાર લાવવું મુશ્કેલ બને છે.

**(૬) મમત્ત્વ :** રાગ મમત્ત્વ કરાવે. આ મારું છે, હું એનો સ્વામી આવો ચિત્તનો પરિણામ તે મમત્ત્વ. જ્ઞાનસાર નામના ગ્રંથમાં પૂ.ઉપાધ્યાયજી મ. લખે છે -

अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदान्ध्यकृत्

अयमेव हि नञ्पूर्वः, प्रतिमन्त्रोऽपि मोहजित् ।४-१।

'હું' અને 'મારું' મોહરાજાના આ મન્ત્રે આખાય જગતને અંધ કર્યું છે. હવે જો આની આગળ 'ન' મૂકવામાં આવે તો મોહને જીતનારો થાય છે. 'હું' કંઈ નથી અને આમાં મારું કંઈ નથી. આ મંત્ર જપીએ તો મોહ જીતાય.

સાધુ જીવનમાં પણ ઘણીવાર આ મમત્વ છૂટતું નથી. કોઈ મુમુક્ષુ ભણવા-રહેવા તૈયાર થવા આવે. ત્યારે સારી રીતે ભણાવે, બધી સગવડો સાચવે ત્યારે તો તે જીવ સાધુ બની તરી જાય તેવી જ ભાવના હોય પણ સમજો ભણીને ગયા પછી તેની દીક્ષા કોઈ બીજા ગ્રુપમાં નક્કી થાય તો શું થાય ? મેં ભણાવ્યો ! તેઓ કેવી રીતે દીક્ષા આપી શકે ? વગેરે ક્લેશ-કંકાસમાં પડે. આર્તધ્યાન પણ થાય.

મમત્વથી પણ આત્માર્થીપણું રહે નહિ. દીક્ષા લેનારા મોક્ષની ઈચ્છાથી દીક્ષા લે પછી સમય થતાં નવી નવી ઈચ્છાઓ ઉત્પન્ન થાય. જેવી કે, શિષ્ય થાય ! તે થયો. હવે બે થાય તો પદવી થાય, તે પણ થયું, પદવી પણ થઈ. હવે ૩ થાય તો આચાર્ય બનું ! ઈચ્છાઓ વધતી જાય તેના માટે પ્રયત્નો વગેરે... આ ઈચ્છાઓના જમેલામાં પેલા મોક્ષની ઈચ્છા તો હવા થઈ જાય.

**(૭) અભિનંદન :** એટલે આનંદ ! શેનો ? વસ્તુ મળી જતાં જે હાશકારો થાય તે આનંદ પણ રાગ જનિત સમજવો. એટલે, પ્રાપ્ત ચીજોમાં સંતોષ માનવો. સુખ માનવું તે પણ રાગનો પરિણામ છે. આ આનંદ પણ શાશ્વત ક્યાં છે ? જરા પ્રતિકૂળતા આવે એટલે તે આનંદ પણ ચાલ્યો જાય, મન આર્તધ્યાનમાં પડે !

**(૮) અભિલાષા :** ઈષ્ટની પ્રાપ્તિના મનોરથ થવા તે પણ રાગજનિત છે. છેવટે તો (નિશ્ચયથી) શાસન પ્રભાવનાના પણ મનોરથ ઈષ્ટ નથી. મોક્ષ થતાં પૂર્વે મોક્ષની ઈચ્છા પણ નષ્ટ થઈ જાય છે. નીચલી ભૂમિકામાં ભલે ઈષ્ટ છે.

આ થયા રાગકેસરીના પર્યાયો એટલે કે, પરિવાર. જો તમને રાગના પરિવારના કોઈપણ સભ્ય સાથે સારા સંબંધો છે. તેના માટે તમે સમય આપો છો, તમારી જાતને ઘસવા તૈયાર થાઓ છો તો તમે ચોક્કસ કોઈ ભૂલ કરી રહ્યા છો. તમે હકીકતમાં તમારા ઘરમાં જ તમે દુશ્મનને તૈયાર કરી રહ્યા છો. આ પરિવારને બરાબર ઓળખી લેવા જેવો છે. જો તમારે આરાધક કે સાધક બનવું છે. અધ્યાત્મમાર્ગે ચાલવું છે તો આ પરિવાર તમને બાધક બનશે તેની સાથેની મૈત્રી ડગલેને પગલે જોખમ ઊભું કરશે.

રાગ કેસરીની વાત કરી તેમ બીજો ભયંકર દુશ્મન છે. તેનું નામ દ્વેષ-ગજેન્દ્ર છે. રાગ સાયલન્ટ કિલર છે. પણ આ તેવો નથી. તેના ચિન્હો શરીર પર દેખાતા હોય છે. માણસના ચહેરા ઉપરથી કે તેની એટીટ્યુટ ઉપરથી કળી શકાય કે આ વ્યક્તિ દ્વેષથી ભરેલો છે.

રાગનો વિસ્તાર વિષયો છે તો દ્વેષનો વિસ્તાર કષાયો છે. તે કષાયો મૂળ ચાર પ્રકારાના છે અને તેના પાવરનું વિભાજન કરીએ તો કુલ ૬૪ પ્રકારે પણ કષાયો થાય છે. આ કષાયોની જાળનો અભ્યાસ કરવા જેવો છે.

આપણે હાલ જે પદાર્થ જોઈ રહ્યા છીએ **'ઉપશમ'** તે આ કષાયોને શાંત કરવા તે ઉપશમ છે. કષાયોની વાત કરતાં પૂર્વે તેના જ સગાભાઈની પણ વાત કરી લીધી.

દ્વેષના પણ ૯ પ્રકારો - પર્યાયો છે. તેને પણ બરાબર ઓળખવા જેવા છે. આગળ કહ્યું તેમ 'રાગ' એ ખરાબ છે. તેવું તમારી ભૂમિકામાં લાગવું મુશ્કેલ છે. તમારું મન રાગને ખરાબ માનવા તૈયાર નહિ થાય. પરંતુ 'દ્વેષ' ખરાબ છે તેવું માનવા તો તૈયાર થશે જ. એટલી પાત્રતા તો તમારા અંતરમાં આવી ગઈ છે. વળી કષાયોના પરિણામે ફેમિલિમાં વગેરે જે પરિસ્થિતિનું સર્જન થાય છે. તે તમને પ્રત્યક્ષ છે. કષાયની આગમાં જેઓ શેકાય છે તેમની પીડા અને યાતનાઓ જોઈ 'કષાયો' ખરેખર ખરાબ છે તેવી પ્રતિતી તમને અનેકવાર થઈ છે. માટે તેના માટે વધારે લેક્ચર કરવાનું રહેતું નથી. પરંતુ તેના પરિવારમાં કોણ કોણ છે ? તે બધાને ઓળખવા જરૂરી છે જેથી ઠગાવું ના પડે.

**દ્વેષના પર્યાયો :**

ईर्षा रोषो दोषो द्वेषः परिवादमत्सरासूयाः

वैर प्रचण्डनाद्या नैके द्वेषस्य पर्यायाः प्रशमरति - १९

**(૧) ઈર્ષા એટલે** - બીજાની સંપત્તિ જોઈ તે નષ્ટ થાય તેવો ભાવ હોય. તેને જોઈ સતત બળ્યા કરવું. સંપત્તિ મારી પાસે રહો પણ બીજા પાસે તો ન રહો આ ઈર્ષા ભાવ છે. આ દોષ પણ આત્માર્થીપણું પ્રાપ્ત કરવામાં બાધક બને છે. સાંભળ્યું છે કે, તમે જે ચીજની ઈર્ષા કરો છો, તે ચીજ તમારા ભાગ્યમાંથી નષ્ટ થતી જાય છે. તમે કોઈની સંપત્તિની ઈર્ષા કરો તો તમારા ભાગ્યમાંથી તેવી સંપત્તિનો નાશ થાય અર્થાત્ ભવિષ્યમાં તમને આવી સંપત્તિ પ્રાપ્ત ન થાય.

કોઈના સંતાનની ઈર્ષા કરો તો તમારા નસીબમાંથી સંતાનનો નાશ થાય માટે ઈર્ષાને ડાકણ કહી છે. તે ભાગ્યને ખાઈ જાય છે.

**(૨) રોષ** : બીજાઓનું સૌભાગ્ય, રૂપ, લોકપ્રિયતા વગેરે જોઈ અપ્રીતિનો પરિણામ થાય તે રોષ કહેવાય.



ગુરુ મહારાજ બીજા શિષ્યો માટે સારું બોલે અને પોતા માટે કશુંય ન બોલે ત્યારે જે બેચેની થાય તે બેચેની રોષ ઉત્પન્ન કરે છે.

**(૩) દોષ** : જ્યારે પ્રતિકૂળતા આવે છે ત્યારે જીવ સમતાને ગુમાવી દે છે. પ્રતિકૂળતા સહન ન થાય ત્યારે દોષ ઉત્પન્ન થાય છે. મન દૂષિત કરે છે. માટે તેને દોષ કહેવાય છે. તેનાથી સંતાપ થવો, સંઘર્ષ કરવો વગેરે દોષો જીવમાં ઉત્પન્ન થાય છે.

**(૪) દ્વેષ** :પ્રીતિ ન હોવી તે દ્વેષ છે. એટલે અપ્રીતિ તે એક પ્રકારનો છૂપો દ્વેષ છે. પોતાના શરીર ઉપરનો રાગ અન્ય જીવો પ્રત્યે અપ્રીતિનો પરિણામ ઊભો કરે તે દ્વેષ છે. પોતાની માન્યતાનો આગ્રહ પણ અપ્રીતિ ઉત્પન્ન કરે છે. વર્ષોના સંબંધો તોડી નંખાવે છે. પતિ-પત્નીના સંબંધો પણ તૂટી જાય છે.

**(૫) પરિવાદ** : બીજાના દોષ કહેવા તે પરપરિવાદ આ પણ દ્વેષનો પરિણામ કોઈના પણ દોષ કહેવા તે પહેલાં તેના પ્રત્યે તિરસ્કાર કે નફરત ઊભી થાય ત્યારે બને છે. આ તિરસ્કાર પણ છૂપો દ્વેષ-પરિવાદ છે.

**(૬) મત્સર** : પોતાના સદ્ધર્મથી અલગ કરે તે મત્સર. આવો વ્યક્તિ બીજાના કલ્યાણમાં રાજી થતો નથી, થાય તો દુઃખેથી રાજી થાય. હંમેશાં બીજાનું કલ્યાણ વિચારવું. તે આત્માર્થીપણું છે. તેમાં સ્વયંનું કલ્યાણ છે. બીજાના કલ્યાણમાં પ્રમોદવાળા રહેવું. રાજી રહેવું, ખુશ રહેવું તે આત્માર્થીપણું છે. મત્સરવાળો તે થઈ શક્તો નથી.

**(૭) અસૂયા** : બીજાના ગુણોને સહન ન કરવા તે અસૂયા. જો તમને કોઈની પ્રશંસા સહન થતી નથી તો તમારા અંતરમાં અસૂયા નામનો દ્વેષ પડેલો છે. તેને કાઢવો જરૂરી છે. ગુણાનુરાગી થવું - ગુણરાગી થવું જોઈએ.

**(૮) વૈર** : દ્વેષથી ક્રોધ આવે તેથી હિંસાનો પરિણામ થાય તેથી આગળ જતાં વૈર બંધાય. અગ્નિશર્માને વૈરનો પરિણામ

થયો. દુર્ગતિઓ થઈ. જીવનમાં કડકાઈ, ક્રોધ, હઠાગ્રહ વગેરે દોષો વૈર બાંધવા સુધી લઈ જાય છે.

**(૯) પ્રચંડન :** શાંત પડી ગયેલા ક્રોધાગ્નિને ભડકાવવો તે **પ્રચંડન** નામનો દોષ-દ્વેષ. તે કોઈને અપેક્ષા ન સંતોષાય તેનાથી તેને અરુચિ ઉત્પન્ન થાય છે. તેનાથી સંઘર્ષ, ભડકો છેલ્લે વૈર વગેરે દોષો ઊભા થઈ આત્માની ભયંકર ખાના ખરાબી કરે છે.

પેલા શિષ્યે સાધુને દેડકી મરી છે તેનું પ્રાયશ્ચિત્ત કરવા વારંવાર યાદ કરાવ્યું એટલે ભડકો થયો, ગુસ્સો આવ્યો. પરંપરાએ ચંડકૌશિકનો અવતાર ! આતો નશીબદાર કે છેલ્લે ભગવાન ખુદ મળ્યા અને તાર્યો !



કષાયોનો **ઉપશમ** કરવાનો છે. તે કયા કષાયો છે તેનો પરિચય કરાવ્યો તમે આ શબ્દો કદાચ સાંભળ્યા હશે પણ આ ઈર્ષા, અસૂયા, વૈર વગેરે શું ખાનાખરાબી કરી શકે છે. તેની કલ્પના પણ નહીં કરી હોય. ઉપશમ એવું તત્ત્વ છે જે આ ખાનાખરાબીને રોકી શકે છે. જો તમારા અંતરમાં તેનો નિવાસ હોય. એટલે આત્માર્થીએ, સાધક કે આરાધકે જે કર્તવ્યોની વાત છે તેમાં ઉપશમ નામનો ગુણ લાવવો જરૂરી છે.

ઉપશમ આવે કેવી રીતે ? તેની વાત ચાલે છે. કષાય મોહનીયનો જેમ જેમ હ્રાસ થાય તેમ તેમ કષાયો આત્મામાં શાંત પડતા જાય છે. તેની આગ હોલવાઈ જતાં તે ઠંડા પડી જાય છે. અનંતાનુબંધી કષાયો તે આગ જેવા છે. જે ઉદય પામે ત્યારે જીવ રૌદ્ર પરિણામી બને છે. સખત બને છે, કઠોર, નિર્દય બને છે. તે વખતે તેના તમામ ગુણો ઢંકાઈ જાય છે અને આવા પરિણામ વાળો જીવ હત્યાઓ વગેરે દુષ્કર્મો કરે છે. તેનાથી નરકાદિ ગતિનો મહેમાન બને છે.

જો આત્મામાં ઉપશમ નામનો રસ પડ્યો હોય તો આત્માના આવા પરિણામને ટાળે છે અને વિવેક ઉત્પન્ન થતાં દુર્ગટનાથી બચાવે છે. આત્મામાં પડેલા દોષો ઉપશમ તો થવા જ જોઈએ. ઉપશમ થવાથી બીજો લાભ એ થાય છે કે આત્મામાંથી આવેશ ચાલ્યો જાય અથવા મંદ પડે. તેથી ખોટી કે સાચી પક્કડો છૂટતી જાય. **"આપણે તો સાચું બોલનારા, મોંઢા ઉપર જ કહી દેવાનું"**. આમાં સાચું બોલવું તે ગુણ છે પણ મોંઢા પર કહી દેવું તે અવિવેક છે. કોને, ક્યારે, કહેવું કે ન કહેવું, કેટલું કહેવું આ જો વિવેક ન હોય તો સાચું પણ હોનારત સર્જે છે. જેમ દ્રૌપદી, સતીએ દુર્યોધનની મશ્કરી કરી આંધળાના દીકરા આંધળા હોય અને મહાભારત સર્જાયું.

ઉપશમભાવ પક્કડથી મુક્ત રાખે છે. સાધુને જો માત્ર ભણવામાં જ પક્કડ આવી જાય તો ગુરુનો વિનય પણ ચૂકી જાય. ભણવાથી જ્ઞાનાવરણીય ખપે અને વિનયથી મોહનીય ખપે. જ્ઞાનાવરણીય ઘણીવાર ખપાવ્યું. મોહનીય ન ખપાવ્યું તેથી હજુ જન્મ-મરણ ચાલે છે. સાધુને ક્યાંય પક્કડ ન હોય તે તો આય અને વ્યયની તુલના કરી આગળ વધે. આમ તપ કરતો હોય અને વિહારમાં તપ ગૌણ કરે કેમ ? તો વિહારમાં નિર્દોષ મળે તે વાપરવું તે માટે નિર્દોષ જ્યારે મળે, જેટલું મળે તેનાથી ચલાવે બે ટાઈમ થોડું થોડું મળે તો તે રીતે નિર્વાહ કરે. એક સાથે બધાનું ન મળે તો ? એકાસણું ગૌણ કરવું પડે. પણ જો પક્કડ હોય કે એકાસણું તો કરીશ જ. આ પક્કડ કાં તો દોષિત વાપરવું પડે અથવા જે જેટલું મળે તેનાથી ચલાવવું પડે ! તપની પક્કડ ક્યારેક નિર્દોષવૃત્તિ ચૂકાવે. તપ કરતાં સંયમ ચડિયાતું છે. નિર્દોષમાં સંયમ છે. ઉપશમ આ વિવેકને લાવે.

ઉપશમને અટકાવનાર કે ન લાવવા દેનાર તેના દુશ્મન સમાન આ છે.

## શુભ પરિણતિનો ઉપાય-ધર્મ વ્યાપાર

ધર્મમાર્ગમાં જીવની આંતરિક પરિણતિ ઉપર અત્યંત ભાર મૂકેલો છે. કોઈપણ **પ્રવૃત્તિ** વારંવાર રસપૂર્વક કરવાથી તેના અંતરમાં ઊંડા **સંસ્કાર** પડે છે. પછી તે સંસ્કાર જ આગળ જતાં (અનેક ભવો પછી) સ્વભાવ બની જાય છે.

સારા સંસ્કારો જીવને શુભ પ્રવૃત્તિમાં જોડે છે અને ફરી પાછા સારા સંસ્કારો નિર્માણ થાય છે. પરંતુ કુસંસ્કારો જીવને અશુભ પ્રવૃત્તિમાં જ જોડે છે. તેથી ફરી પાછા કુસંસ્કારો જ નિર્માણ થવાથી જીવ અંતે કર્મથી ભારે બની દુર્ગતિઓમાં અનંત દુઃખોનો ભાગી બને છે.

વળી, પ્રવૃત્તિ કરતાં ખબર પડે કે, આ ખોટું થઈ રહ્યું છે, તો તે પ્રવૃત્તિ ત્યાંથી જ બંધ કરવાથી તેના સંસ્કારો પડવાના બંધ થાય છે અને સીધી પ્રવૃત્તિ શરૂ થવાથી સારા સંસ્કારની તક ઊભી થાય છે.

આમ, **પ્રવૃત્તિ** તરત, કે સમજમાં આવી જવાથી બદલી શકાય છે. પરંતુ **સંસ્કારો** બદલતાં ઘણીવાર લાગે છે.

જેમ કે, કપડા ઉપર કંકુનો દાઘ પડી ગયો હોય તો પાણીથી ધોઈ નાંખતાં ઈઝીલી ચાલ્યો જાય છે. પણ શાહીનો દાઘ કાઢવા પાણી સાથે સાબુ ઘસવો પડે છે. બે-ચાર વાર ધોવું પડે છે ત્યારે જાય છે.

તેથીય ડામરનો ડાઘ પડ્યો હોય તો સાબુ કે કેરોસીન સાથે જલદ પ્રવાહીનો ઉપયોગ કરી વારંવાર ધોવાથી ડાઘ જાય છે.

એમ જીવને પ્રવૃત્તિ બદલવા થોડી જ મહેનત કરવી પડે પણ સંસ્કાર બદલવા વારંવાર તેનાથી ઉલટી આરાધના કરવી પડે. તેથીય આગળ જ્યારે તે ખોટા સંસ્કારો **સ્વભાવ** બની જાય એટલે કે, ડામરના ડાઘ જેવા બની જાય ત્યારે તેની સામે પ્રયત્ન પણ જલદ, અતિશય અને વારંવાર કરવો પડે છે. ખાવાના સંસ્કાર તોડવા જેમ ઉપવાસ - વારંવાર ઉપવાસ, અટ્ઠમ-અટ્ઠાઈ-માસક્ષમણ જેવા જલદ ઉપાયો વળી વારંવાર કરવાથી ખાવાના સંસ્કારો તૂટી તપ-ત્યાગના સંસ્કારો જમા થાય છે. જે જીવને ત્યાગમાં, ન ખાવામાં - તપ કરવામાં રુચિ અને પ્રયત્ન કરાવે છે. આમ અશુભ પરિણતિઓનું ચક્ર ધર્મ વ્યાપાર કરવાથી શુભમાં પરિવર્તિત થાય છે.

પરિણતિ એટલે સંસ્કાર.

સંસ્કાર એટલે જીવની અમુક પ્રકારની માન્યતા-દૃઢ માન્યતા.

વિદ્યાર્થી : સર એક એક્ઝામ્પલથી સમજાવો ને !

સર : કોઈપણ પ્રવૃત્તિ કરવાનું સાધન મન-વચન અને કાયા છે. તે પાછી કરણ-કરાવણ અને અનુમોદન આમ ત્રણ પ્રકારે થાય છે. કુલ નવ પ્રકાર થાય.

પ્રવૃત્તિ શેમાં થાય ?

તો તેના વિષયો છે, પાંચે ઈન્દ્રિયોના કુલ મળી ૨૩ વિષયો. આ વિષયોનો બાપ 'રાગ' છે. રાગ પડ્યો છે માટે જીવને વિષયોનો ભોગ કરવાની વારંવાર ઈચ્છા થાય છે. એટલે જીવ તેમાં ૯ પ્રકારે પ્રવૃત્તિ કર્યા કરે છે. આનાથી ભોગવૃત્તિ બનતાં અશુભ પરિણતિઓ બંધાય છે - તૈયાર થાય છે.

આ વિષયોને તોડવા વિષયભોગની ઈચ્છાને તાબે ન થવું તેવા નિમિત્તો છોડવા છેલ્લે પ્રવૃત્તિ કરતાં મનને ન લઈ જવું અર્થાત્ મન વિના, નિરસ ભાવે, ઉદાસીન ભાવે, ઉપેક્ષા ભાવે પ્રવૃત્તિ કરવાથી સંસ્કારો નિર્માણ થતા નથી. એટલે વિષચક્રથી બચી જવાય છે.

દા.ત. રાત્રે ખાવું તે પાપ, ખાવાની ઈચ્છા થવી તેમાં પાપ પરિણતિ કારણ છે. હવે આને બદલવા શું કરવું ?

તો, કોઈપણ રીતે રાત્રે ખાવાથી બચવું ખોટી ઈચ્છાને તાબે ન થવું ઉલટું ઈચ્છાઓનું દમન કરવું. રાત્રે નહીં ખાવાની ગુરુ કે વડિલ પાસે બે હાથ જોડી પ્રતિજ્ઞા કરવી.

છતાં ખાવું જ પડે તો ?

તો ઈચ્છા વિના, ઉદાસીન ભાવે ખાવું. તે પણ કેવું ખાવું ? તો કે, સાદુ-નિરસ માત્ર પેટ ભરવા ખાવું. રસગૃદ્ધિ ન થાય, મઝા આવે તેવું ન ખવાય, રસદાર, ચટકેદાર, તમતમતું, મનગમતું છોડવું પડે તો તે ધર્મ વ્યાપાર માટે લડ્યા કહેવાય.

પણ કોઈ રસમલાઈ આપી જ દે તો ?

તો ઉપર ત્રિફલાનો પાવડર કે સુદર્શન ચૂર્ણ ભભરાવી ખાવું ! આ પણ રસને જીતવાની રીત છે. આ રીતે રાત્રિભોજનની સામે લડતા રહેવું તેના ઉપર તિરસ્કાર કરતા રહેવું તે સાચો પુરુષાર્થ છે. આ રીતે ઈચ્છાઓનું દમન થવાથી કુસંસ્કારો (પરિણતિ) ઘસાય છે અને નવા તપના-ત્યાગના સુસંસ્કારો પડે છે. ઈચ્છાનો રોધ કરવો તે પણ એક જાતનો અભ્યંતર તપ જ છે.

જૈનધર્મમાં 'મુહપત્તિ'ના પડિલેહણ માટે પુરુષોને ૫૦ બોલ તથા બહેનોને ૪૦ બોલ બોલવાના હોય છે. તેમાં, સદ્દહુ, આદરું અને પરિહરું આ ત્રણ પદ આવે છે. તેને સમજવા જેવું છે. ૫૦ બોલમાં જીવમાં રહેલી અશુભ પરિણતિની પથારી ફેરવી નાંખવાની અસરકારાક ટેકનોલોજી પડી છે.

'સદહુ' એટલે 'શ્રદ્ધા કરું' જીવને સમજવાનું છે. હે જીવ ! તું સૂત્ર - અર્થ અને તત્ત્વ ઉપર શ્રદ્ધા કર બકા !

આ થાય એટલે મિથ્યાત્વ માંદુ પડે, પ્રભુના વચનો ઉપર વિશ્વાસ બેસે તે વચનોનો આદર આવે. તેવું કરવાનું અને છોડવાનું મન થાય ત્યારબાદ તેમાં ઉલ્લાસથી પ્રવૃત્તિ થાય.

પ્રભુએ કહેલ ૫૦ બોલમાં આપેલ આદરવાના ૯ પદો તત્ત્વત્રયી, રત્નત્રયી અને ગુપ્તિત્રયી આદરવાનું શરૂ થાય. સાથે સાથે 'પરિહરું' રૂપે આપેલા મોહનીયત્રિક, રાગત્રિક, કુતત્ત્વત્રિક, વિરાધનાત્રિક, દંડત્રિક, હાસ્યષટ્ક, લેશ્યાત્રિક, ગારવત્રિક, કષાય ચતુષ્ક સાથે ૩ શલ્યો છોડતા જવાથી તેમાં શ્રદ્ધા ન કરવાથી, તેમાં પ્રવૃત્તિ ન કરવાથી, અશુભ-પરિણતિઓ-સંસ્કારો પડતા બંધ થાય છે. 'આદરું'ના ૯ પદોની આરાધનાથી શુભ પરિણતિઓનું આધાન થાય તેથી જીવનું વિષચક્ર ખોરવાય, ભંગાણ પડે અને અમૃતચક્ર ચાલુ થતાં સન્માર્ગ પકડાય.

આ બધું ભાવાત્મક છે. તે માટે ક્રિયાત્મક માર્ગ પકડવો પડે. જેમ કે સૂત્ર-અર્થ તત્ત્વની શ્રધ્ધા કરવા શું કરવું ? તો કે, ગુરુ પાસે જૈનધર્મના સૂત્ર-અર્થનો અભ્યાસ કરવો અને તેમાં કહેલા તત્ત્વોને બરાબર સ્થિર કરવા.

જૈન ધર્મની વિવિધ ક્રિયાઓ એ સૂત્ર - અર્થનો જ વિસ્તાર છે. તે માટે પ્રેક્ટિકલ પ્રયોગ સ્વરૂપ છે. આ ફિલોસોફી વિસ્તાર માંગી લે તેવી છે. આ તો હું તમને માત્ર નિર્દેશ કરી રહ્યો છું. જો તમારે આ માર્ગે આગળ વધવું હોય તો જૈનધર્મના મૌલિક અભ્યાસક્રમમાં ક્રિયા અને તપ-નિયમ સાથે જોડાવું પડે. એક સાથે રત્નત્રયીની આરાધના તે ધર્મવ્યાપાર છે, યોગ છે.

વિદ્યાર્થી : સર ! એક સાથે એટલે શું ?

સર : રત્નત્રયીમાં જ્ઞાન-દર્શન અને ચારિત્ર ત્રણની આરાધના આવશે ચારિત્રમાં તપનો પણ સમાવેશ છે. ચારિત્રપદ સ્વયં યમનિયમવાળું છે. એટલે, શ્રધ્ધાપૂર્વક જ્ઞાનાભ્યાસ ગુરુ પાસે કરવો ગુરુનો સંયોગ ન હોય તો પાઠશાળામાં શિક્ષક - પંડિતજી પાસે કરવો. તે પણ સામાયિકવ્રત લેવાપૂર્વક કરવો એટલે ભણવું તે 'જ્ઞાન' આ ભણવાથી મારું અવશ્ય કલ્યાણ થશે તે દર્શન (શ્રધ્ધા) અને ભણવા માટે વિધિપૂર્વક સામાયિક લઈને બેસવું તે ચારિત્ર થયું.

વિદ્યાર્થી : આમાં તપ તો આવ્યું નહીં.

સર : બરાબર ! ભણનારે શક્તિ મુજબ તપ પણ કરવો જોઈએ. અમારી પાસે મુમુક્ષુઓ ભણવા આવે છે. કેટલાક ગુરુકુલ સેવન માટે આવે છે. ત્યારે એમને અમે ભણવા સાથે રોજ બિયાસણું-એકાસણું-આયંબિલ કે પર્વતિથિના આયંબિલ-ઉપવાસ વગેરે પણ કરવાની પ્રેરણા કરીએ છીએ !

છેલ્લે પ્રભુ દર્શન પછી જ નવકારશી અને તિવિહાર કે ચોવિહાર પૂર્વક અધ્યયન કરવું. બની શકે તો બન્ને સમય પ્રતિક્રમણનો યોગ કરવો. આ રીતે રત્નત્રયીની એક સાથે આરાધના કરતાં સૂત્રાર્થનો અભ્યાસ ગોઠવાય તો તે ધર્મવ્યાપાર થાય.

વિદ્યાર્થી : સર ! આ રાગત્રયી શું છે સમજાવોને ?

સર : આ પણ એક જાતના સંસ્કાર છે. તેના ત્રણ વિભાગ પડ્યા છે. કામરાગ, દૃષ્ટિરાગ અને સ્નેહરાગ.

**(૧) કામરાગ :** આ એવા પ્રકારનો સંસ્કાર જીવમાં દૃઢ બની ગયો છે કે, તે જીવ એવું માને છે કે, મને સુખ મળશે તો આ વિવિધ સામગ્રીથી જ મળશે. પદાર્થોથી જ મળશે. પદાર્થોના સંયોગ વિના વળી સુખ કેવું ? આ માન્યતા ઘર કરી ગયેલી હોય છે. એટલે તેવો જીવ ગાડી,

બંગલા, વ્યાપાર માટે દુકાન કરે, વેપાર કરે, સારામાં સારું કેવી રીતે ક્યાંથી કમાવી શકાય તેની ખૂબ માહિતી ભેગી કરતો જાય છે. તેના માટે આ **'જ્ઞાન'** છે.

જેમ જેમ પૈસા મળતા જાય તેમ તેમ લોભવૃત્તિ વધતી જાય તેમ તેમ કમાવાની વૃત્તિ પણ વધતી જાય. તેમાં જ તેની શ્રદ્ધા વધતી જાય.

કામરાગ તેમ તેમ વધતો જાય. શરૂઆતમાં કદાચ જૈન હોવાના નાતે અનીતિ ઓછી, નીતિ વધારે હોય. સારા માણસો સાથે વેપાર ધંધા હોય પણ ધીરે ધીરે અત્યંત અનીતિ ઉપર ઉતરી પણ જાય. પછી તો ગરીબ માણસને ચૂસીને કમાય. 'એની હાઉ મની' તેની વૃત્તિ બની જાય!

અંતે માર્ગ ચૂકી જાય. ખોટા માર્ગે કમાતાં શરમાય નહિ, પરલોકની પણ ઐસી તૈસી કરે. આ બધું અંદરમાં પડેલો કામરાગ નામનો સંસ્કાર તેને નચાવે છે.

જો કે, આ વૃત્તિનું મૂળ તો આત્મામાં પડેલી 'તૃષ્ણા' છે, તૃષ્ણાને શાસ્ત્રકારે ડાકણ કહી છે, કોઈએ ઝેરી સાપણ કહી છે. તે ભયંકર છે.

જે લોકો પદાર્થોમાં જ સુખ માને છે. સગવડોમાં જ સુખ માને છે અને આખો દિવસ તે પદાર્થો અને સગવડો વધુમાં વધુ ભેગી કરવા દિવસ-રાત એક કરે છે. તે બધાયના અંતરમાં તૃષ્ણા નામની સાપણ જીવતી જાગતી બેઠેલી છે!

વિદ્યાર્થી : સર! આ સાપણ તો વિશ્વના મોટાભાગના લોકોમાં છે. જે ના સમજ છે, જે બાળકો છે તેમને જવાદો બાકી કોનામાં નથી?

સર : તારી વાત સાચી છે. તૃષ્ણા નામની 'સાપણ'ના જડબામાં આખુ વિશ્વ સપડાયેલું છે. છતાં લોકોને તે ઉપાદેય લાગે છે. તેમાં જ સુખ લાગે છે. તે જ કર્તવ્ય લાગે છે. છતાં વિશ્વમાં એક જૈન સાધુ એવા છે જેઓએ આ સાપણને સંતોષરૂપી સાણસાથી પકડી દૂર ફેંકી છે અને તેના પરિવાર સમાન 'મમતા' ને 'સમતા' નામના રસાયણથી ગાળી નાંખી છે.

વિદ્યાર્થી : તે કેવી રીતે સર?

સર : જૈન મુમુક્ષુ જ્યારે સાધુ બને છે ત્યારે તે પોતાના અનાદિ સંસ્કાર 'પદાર્થમાં સુખ છે.' 'સગવડોમાં સુખ છે.' એવી માન્યતાને બદલી નાંખે છે અને પ્રભુની સમક્ષ ગુરુના આદેશથી આ મહાભ્રમમાંથી મુક્ત થાય છે. તેની સુખની દિશા બદલાઈ જાય છે તેને સગવડોમાં દુઃખ લાગે છે. પદાર્થોથી લાગતું સુખ હવે તેને ભ્રામક લાગે છે. માટે પોતાની લાઈફ ઓછામાં ઓછી તેય વળી સાવ સાદા પદાર્થોથી ચલાવે છે. અનુકૂળતાના ત્યાગ અને પ્રતિકુળતાના સ્વીકારમાં તેને ભાવિ સુખની પ્રતિતિ થાય છે અને તે રીતે જ પોતાની વૃત્તિ સેટ કરે છે.

જે મળ્યું તેથી ચલાવી લેવાની વૃત્તિ સાધુને તૃષ્ણા અને મમતાથી દૂર રાખે છે. તેમ તેવા આરાધક ગૃહસ્થોની બાબતમાં પણ સમજવું.

કામરાગ કાઢી મૂકવા જેવો છે. તે આત્માનું ભયંકર અહિત કરનાર છે. તે માટે ધરમૂળથી જીવે માન્યતા બદલવી પડે. સાચું સુખ તો આત્માના ગુણોમાં છે. ગુણો મેળવવામાં - ગુણો વધારવામાં છે. દોષોમાં જે જીવને દુઃખ લાગે, કષાયો કે વિષયોના આવેગમાં જે માણસ દુઃખી થાય. રડે - પછતાવો કરે તેના જીવનમાં ક્ષમાદિ ગુણો આવે. આ રીતે કામરાગ જઈ શકે.

જેમ કે, ઘરમાં કોઈ સ્વાદીષ્ટ વસ્તુ બનાવી, તમને પીરસવા આવ્યા, પૂછ્યું, રસમલાઈ છે લેશો ? તમને ભાવતી હશે તો તરત જ કહેશો હા ચાલશે. (કારણ તમને સ્વાદમાં સુખ અનુભવાય છે - સુખ લાગે છે? તે જ વખતે કોઈ સાધુ મહાત્મા વહોરવા આવ્યા. તેમને પણ પેલા બહેને કહ્યું, સાહેબજી રસમલાઈ છે! લાભ આપો! તો સાધુ શું કહે? તે પાત્રું નહીં ધરે, અર્થાત્ ચાલે એવી હોવા છતાં, પોતાને નથી ભાવતું એવું પણ નથી તેમ છતાં તે મહાત્મા 'ના' કહી છોડી દેશે! કેમ? તો, તેમને ખબર છે કે, આ વાપરવાથી તો રસગૃદ્ધિ વધશે, આસકિત થશે, રાગ થશે તેથી કર્મબંધ - દુર્ગતિ! એટલે રસમલાઈને જોતાં જ મહાત્માને તેમાં સુખ નહીં પણ દુર્ગતિના દુઃખો જ દેખાશે.

આવો વિરોધી ભાવ કેમ થયો?

તો ગૃહસ્થને સ્વાદમાં સુખ દેખાણું કેમ ? તો કે તેનામાં સંસ્કાર એવા છે. આ સંસ્કાર - આ માન્યતા તે

અનુસંધાન પાના નં. ૧૦ ઉપર

❖ **ડોમ્બીવલી :** ગ્રુપ તરફથી ફાગણ ચોમાસી પૂર્વે ડોમ્બીવલીનાં જિનાલયોના પૂજારીઓને મટકા કોટનની પૂજાની જોડ સાથે ૬ કપનો સેટ ગીફટ તરીકે આપી બહુમાન કર્યું હતું. ૨૮ જિનાલયોના ૪૮ જેટલા પૂજારીનું બહુમાન લાભાર્થી પરિવારના હાથે થયેલ.

❖ **વિરાર : બ્રાહ્મી-સુંદરી ગ્રુપ**ની બહેનોએ આ વખતે માનસમંદિરમ્ તીર્થે ૨૮મી છ'ગાઉ યાત્રામાં સુંદર સેવા આપી હતી. ગ્રુપ તરફથી ગરમીમાં છાસ વિતરણ તા.૩ એપ્રિલથી શરૂ કરવામાં આવ્યું છે. જુદા જુદા લાભાર્થી પરિવારો દ્વારા રાહદારીઓને છાસની સેવા આપવામાં આવે છે.

❖ **ભિવંડી : એલર્ટ ગ્રુપ ઓફ ભિવંડી** - સીનીયર - જુનિયર તથા નેમ-રાજુલ ગ્રુપ સીનીયર-જુનીયર દ્વારા ૨ માર્ચથી 'શીતલ જલ પ્યાઉ' નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પરબ ચાર મહિના ગોકુલનગરમાં આવતા-જતા લોકો માટે ચાલુ રહેશે. લાભાર્થી ૪ પરિવારો દ્વારા લાભ લેવાયેલ છે. જુનીયર ગ્રુપના કિશોર યુવાનો દ્વારા સંઘના જૈન ભવનની શુદ્ધિનું સુંદર કાર્ય કરેલ હતું.

**અમદાવાદ :** એલર્ટ બ્રાહ્મી-સુંદરી ગ્રુપ અમદાવાદ દ્વારા **'ડીસાઈડ યોર ડેડ લાઈન'** તથા **પાસવર્ડ** પુસ્તક ઉપર સંગીત સાથે વક્તૃત્વનો કાર્યક્રમ વિશા ઓશવાળ ક્લબ, આંબાવાડી તથા શ્રી ભુવનભાનુ સ્વાધ્યાય શાળા, વાસણા ખાતે રાખવામાં આવ્યો હતો. પહેલામાં ૨૫૦ ઉપરાંત તથા પાસવર્ડમાં ૧૦૦ ઉપરાંત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. એન્કર **સંજયભાઈ ભાઉ**એ પાપોની ડેડલાઈન ઉપર ખૂબ જ સુંદર રજુઆત કરી જીવનમાં પ્રાયશ્ચિત્ત કરવા ઉપર ભાર મૂક્યો હતો. બન્ને કાર્યક્રમો ખૂબ જ સુંદર થયા હતા.

**ગોડીજી-મુંબઈ :** ગ્રુપના યુવાનોએ ગરમીમાં લોકો માટે પરબ-શીતલજલનું આયોજન કર્યું છે. સાથે ક્યારેક રોઝમિલ્ક જેવા પેય સોફ્ટ્રીંક્સ પણ આપવામાં આવે છે. ખૂબ જ સુંદર પ્રતિભાવ મળેલ છે.

**વસઈ :** ગ્રુપ દ્વારા શાશ્વતી ઓળીના નવે દિવસ શ્રીસંઘમાં જાપ બોક્ષ ઉપર પૂ.ગુરુદેવે આપેલ શ્રી સિદ્ધચક્ર સંક્ષિપ્ત આરાધનાનો કાર્યક્રમ રાખેલ હતો. અનેક આરાધકો જોડાયા હતા. એલર્ટ **નિલેશભાઈ શેઠે** આરાધના કરાવી હતી.

**ભિવંડી :** ગ્રુપ દ્વારા શ્રીસંઘના સમસ્ત ભિવંડી માટે 'શાસન સ્પર્શના'નો સુંદર સંગીતમય કાર્યક્રમ શનિવાર તા.૫-૪-૨૫ના રોજ રાખવામાં આવ્યો હતો. બાળકો અને યુવાનોએ ભક્તિનૃત્ય, સંગીત સાથે શાસન સંવેદનાથી આવનાર ભાવિકો ગદ્ગદ્ બન્યા હતા. આ સંધ્યાભક્તિ તથા સંધ્યા સમૂહ આરતિમાં ૪૦૦૦ થી અધિક ભાવિકો જોડાયા હતા. સંગીતકાર **હર્ષિત શાહ, ભાવિક શાહ** અને એંકર **સ્મિત કોઠારી**એ સુંદર સંચાલન કર્યું હતું.

**લાભાર્થી :**
**માતુશ્રી શ્રીમતી સુરજદેવી ઝુમકલાલજી જૈન,**
**પ્રકાશજી ઝુમકલાલજી જૈન,**
**શ્રીમતી અરુણા પ્રકાશજી જૈન,**
**હિમાંશુ પ્રકાશજી જૈન - ગોપાલનગર, ભિવંડી**

---

અનુસંધાન પાના નં. ૯ ઉપરથી

**કામરાગ** છે. જ્યારે સંયમીને સ્વાદમાં દુઃખ દેખાણું કેમ કે તેના પરિણામની સંયમીને બરાબર ખબર છે એટલે કામરાગ જાગ્યો નહીં.

આ રીતે અશુભ પરિણતિઓને પહેલાં સમજ દ્વારા પછી તેનાથી વિપરિત પુરુષાર્થ દ્વારા બદલીને શુભ કરી શકાય. શુભ કદાચ ન પણ કરી શકાય તો તેને કાઢી તો શકાય જ છે. તો જ અધ્યાત્મમાર્ગમાં આગળ વધી શકાય અને તો જ મોક્ષ મળે !

(કામરાગનો આ પદાર્થ પૂ.પં.ભવ્યસુંદર વિ.મ.ના પુસ્તક 'અધ્યાત્મમાર્ગ'માંથી સાભાર લીધેલ છે.)

ખોટા સંસ્કાર, 'સ્વાદમાં સુખ'
સાચા સંસ્કાર 'રાગમાં - મમતામાં' દુઃખ
સાચા સંસ્કાર 'વૈરાગ્યમાં-સમતામાં'સુઃખ
ખોટા સંસ્કાર 'અનુકૂળતામાં'
સુખ - 'પ્રતિકુળતામાં' દુઃખ
સાચા સંસ્કાર 'પ્રતિકુળતા'માં સુખ
'અનુકુળતા'માં દુઃખ
ખોટા સંસ્કાર 'દોષોના આવેગ'માં સુખ
સાચા સંસ્કાર 'ગુણોના અનુભવ'માં સુખ
સાચા સંસ્કાર 'દોષોમાં' દુઃખ.

ક્રમશઃ



# ધર્મી કેવો ?

આ. હેમરત્નસૂરિ

અનંત ઉપકારી જિનેશ્વર પરમાત્માએ ફરમાવેલા ધર્મોમાં આગે કદમ બઢાવતાં માણસમાં એક ખુમારી નામનો ગુણ પ્રગટે છે. ધર્મી એટલે જ શૂરવીર, અધર્મી એટલે જ કાયર. તમે નોંધી લો કે પાપી થવા માટે કોઈ બળની જરૂર પડતી નથી, પણ ધર્મી થવા માટે બળ જોઈએ છે. હિંમત જોઈએ છે. મર્દાનગી જોઈએ છે. સિગારેટ પીવામાં કે તમાકુ ચાવી નાખવામાં કોઈ તાકાતની જરૂર નથી, એક છોટા સા બચ્ચા ભી કર પાતા હૈ ! પણ જ્યારે સિગારેટનું વ્યસન છોડી દેવાનું હોય છે ત્યારે વીલ-પાવર જોઈએ છે. ફાઈવસ્ટાર હૉટલમાં જઈને ભોજન કરી લેવામાં શૂરાતનની જરૂર નથી. એ કામ કોઈપણ આદમી કરી શકે છે, પણ એક દિવસ ખાવાનું છોડી દઈ ઉપવાસ કરવાનું કામ કઠણ છે, એમાં મનનો નિગ્રહ કરવાની તાકાત જોઈએ છે. માટે જ ધર્મી આત્માઓ તાકાતથી ઉભરાતા હોય છે, એમનું મનોબળ, દેહબળ, ભુજાબળ અને વચનબળ અમાપ હોય છે.



અંગ્રેજોએ યુનીવર્સીટીના શિક્ષણ દ્વારા આ દેશમાં નાસ્તિક અને ગદ્દારોની યુવાપેઢી તૈયાર કરી દીધી છે. જેના જીવનમાંથી ધર્મ ગયો એના શરીરમાંથી બળ ગયું સમજો. મનમાંથી શૂરાતન ગયું સમજો. પૂર્વકાળના જેટલા શૂરવીરોનો ઈતિહાસ છે. તે બધા પ્રથમ ધર્મી આત્માઓ હતા, પછી શૂરવીર હતા.

છત્રપતિ શિવાજી ગર્ભાશયમાં રહીને રોજ માતા જીજાબાઈના શ્રીમુખે રામાયણનો અરણ્યકાંડ સાંભળતા હતા. જન્મ પછી તેઓ એક પણ દિવસ પૂજા-પ્રાર્થના વિના રહ્યા નથી.

બંદા વૈરાગીની વાતો તો તમે સાંભળી જ નથી. મને લાગે છે, કે તેના જેવો શૂરવીર આ ધરતી પર બીજો થયો હશે કે કેમ સવાલ છે. 'વિજય પતાકા' નામના હિંદી પુસ્તકમાં મેં તેનો ઈતિહાસ વાંચ્યો છે. સાડાત્રણ કરોડ રુંવાડા ઊભા કરી દે એવી વાતો 'બંદા' માટે લખી છે. મુસલમાનોના દબાણને વશ થતાં આ શૂરવીરે શહીદી વહોરી હતી. આવા અદ્ભુત ! શૌર્યભર્યા ઈતિહાસ આપણી પાસે હોવા છતાં તમે કયા રસ્તે ફંટાઈ ગયા છો ? છોકરીઓની જેમ આખો દિ' આયનામાં ડાચા શું જોયા કરો છો ? દાંતીયો કાઢીને આખો દિ'વાળને શું પંપાળ્યા કરો છો ? જીવનમાં આટલાથી 'ઈતિશ્રી' નથી. આ કંઈ મર્દાનગી નથી. આ તો માત્ર વાનરવેડા છે, નખરાં છે. આ દેશના યુવાબાંધવો માથે કફન બાંધીને ફરતા હતા. કોઈની તાકાત ન હતી કે કોઈ બેન બેટીઓનો વાળ વાંકો કરી શકે. દેશરક્ષા, ધર્મરક્ષા કે સંસ્કૃતિરક્ષાનું ટાણું આવે અને રણશીંગા ફૂંકાય તો યુવાનો ઢાલ તલવારો લઈને નીકળી પડતા હતા. નવોઢાઓ તેમને કુમકુમના તિલક કરીને વિદાય આપતી હતી. આ જવામર્દિઓ આજે ક્યાં જોવા મળશે ? તમારો ભવ્યતમ ભૂતકાળ તમે યાદ કરો અને વિલાસના વ્યસનના પંથેથી પાછા ફરી જાવ. પીઝા, બરગરને હૉટડોગ શી રીતે આવ્યા તેની તમને ખબર છે પણ આઝાદી કેવી રીતે આવી છે તેની તમને ખબર છે ? શહાબુદ્દિન રાઠોડના એક લેખમાં વાંચેલો સાચ્ચો પ્રસંગ તમારી સમક્ષ મૂકું છું.

શહેરના એક ગાર્ડનમાં એક પ્રૌઢ શિક્ષક બાંકડા પર બેઠા હતા. થોડી વારે એ બાંકડા પર એક વૃદ્ધ પતિ-પત્ની આવીને બેઠા. કૉલેજિયન યુવક-યુવતિઓ અહીં પિકનિક પર આવ્યા હતાં. ઉંચી રાઈડોમાં એ ઉડાઉડ કરી રહ્યાં હતાં. આ યુવકોને જોઈને પેલી વૃદ્ધ પત્ની એકાએક બબડવા લાગી. એક-દો-તીન...! એક-દો-તીન ! અટકી, અટકીને વારંવાર આ શબ્દો એ પાગલની જેમ બોલ્યા કરતી હતી. કૉલેજીયનોને આ એક કોમીક હાથમાં આવી ગયું. બધા તેના ચાળા પાડવા લાગ્યા. પરસ્પર હસી-મજાક કરીને આ વૃદ્ધ કપલની ફિલ્મ ઉતારવા લાગ્યા. એમને ક્યાં ખબર છે કે, આ એક-દો-તીનમાં કેટલા

કિલોગ્રામ વેદનાઓ ઝળુંભી રહી છે.

પેલા શિક્ષકે બાજુમાં બેઠેલા પતિને પૂછ્યું, કે બહેનજી ક્યું એસે બકવાસ કર રહીં હૈ ! માસ્ટરજી ! ક્યા કહે ? હમ નિવૃત્ત સૈનિક હૈ ! હમારે તીન લડકે થે. તીનોં કે તીનો આઝાદી કી લડતમેં સેનામેં ભરતી હો ગયે થે. હમ ઔર આપ તો સમજતે હૈ કી જબ લડાઈ હોતી હૈ તો મરના મારના હોતે રહેતા હૈ. એક દિન સમાચાર મીલે કે દૂસરેવાલા લડકા ભી મર ચૂકા હૈ. અબ ઈનકી ધીરજ નહિ રહી. કુછ ભી કરો તીસરે લડકે કો વાપસ બુલા લો. હમ કુછ સમાચાર ભેજે ઉતને મેં તો ટેલિગ્રામ આ ગયા કી તીસરા ભી મર ચૂકા હૈ ! બસ ! ઉસી ટાઈમ સે ઉનકા દિમાગ ખરાબ હો ગયા. તબસે લગાકર આજતક યે હી ગીનતી રહેતી હૈ. એક દો તીન ! એક દો તીન ! બહુત દવાએં કરવાયી લેકીન કુછ ફર્ક નહિ આયા !



શરાબના જામ ગટગટાવીને કૉલગર્લના એક દો તીન ગીત પાછળ પાગલ થઈનો નાચનારાઓને એક દો તીનની પાછળ કેવો દર્દભર્યો ઈતિહાસ છે એ કોણ સમજાવશે ? આઝાદી લાવવામાં આવા કેટલાંય જવામર્દો કાચી કાકડીની જેમ વઢાઈ ગયા છે. શહીદો તો અમર થઈ ગયા પણ પાછળ જીવતા રહી ગયેલા આવાં કેટલાંય મા-બાપ જીવતે જીવ આજે મરી રહ્યાં છે.

આ વૃધ્ધોની રાષ્ટ્રસેવાની કદર હાર અને શાલ ઓઢાડવાથી થઈ શક્તી નથી. રાષ્ટ્રસેવાર્થે ધન આપી દેવાનું કામ સહેલું છે, પણ ત્રણ-ત્રણ દીકરા આપી દેવાનું કાર્ય મુશ્કેલ છે. આવી મોટી રાષ્ટ્રસેવા કરીને પુત્રોની સ્મૃતિમાં વાર્ધક્ય વીતાવી રહેલા કપલની મશ્કરી કરનારા દેશદ્રોહી છે, પાપી છે, ગદ્દાર છે, ભટકી ગયેલા છે. ત્રણ ત્રણ વીરપુત્રોને જન્મ દેનારી ઓલી જનેતા પાગલ નથી, તેની મશ્કરી કરનારા કૉલેજીયનો પાગલ છે.

આઝાદીના સમયમાં દેશ પાસે કફન બાંધીને ફરનારો યુવા વર્ગ ઘણી મોટી સંખ્યામાં હતો. સહુના અંતરમાં દેશભક્તિનો લલકાર હતો. ઠેર ઠેર ક્વીટ ઈન્ડિયાના નારા ગાજતા હતા. પરદેશી ચીજોની હોળીઓ થતી હતી. ઠેર ઠેર સભાઓ ભરાતી હતી. આંદોલનો થતા હતા. અંગ્રેજોનો બહિષ્કાર થતો. અસહકાર રહેતો. ગુપ્ત મિટીંગો ચાલતી. ઍસેમ્બલીમાં હાથ બોંબ ફેંકવાની યોજનાઓ ઘડાતી. છૂપાઈ જવા માટે યુવાનો ભોંયરાઓ, બંકરો બનાવતા અને અંગ્રેજી બચ્ચાઓને હંફાવતા હતા. ભારતીય ઈતિહાસમાં અભૂતપૂર્વ કહી શકાય એવી યુવાજાગૃતિ પ્રવર્તી હતી. આ બધો યશ મહાત્મા ગાંધીજીના શીરે હતો.

'ગાંધી' દેશ માટે મરણીયો બનેલો માણસ હતો. ધાર્મિક ક્રિયાકાંડનો ચુસ્ત આગ્રહી હતો, સદાય સાદગીનો ખપી હતો. પ્રભુભક્તિ અને પ્રાર્થનાને આત્મસાત્ કરી હતી. પ્રથમ નંબરે ધર્મી હતો અને બીજા નંબરે દેશભક્ત હતો અને ત્રીજા નંબરે શૂરવીર હતો. મોટમોટા વાયસરોય અને લૉર્ડ સાહેબો તેની સામે સેવકની જેમ ઊભા રહેતા હતા.

ધર્મચુસ્તતામાંથી ઊભી થયેલી ખુમારીના જોરે આ ડોસો 'ક્વીટ ઈન્ડિયા'નો ઓર્ડર આપી શક્યો. અંગ્રેજ સલ્તનોને ઊભી પૂંછડીએ ભગાડી શક્યો. સાબરમતિનો આશ્રમ છોડતા પ્રતિજ્ઞા કરી હતી, કે કાગડા કૂતરાંના વાંકે મરી જઈશ પણ હવે આઝાદી લીધા વિના આશ્રમમાં પાછો નહિ કરું. વિચાર કરો, કે આ માણસના સંકલ્પમાં કેટલી તાકાત હશે. દાંડીયાત્રાના પ્રથમ ચરણે જ મીઠાની ચપટી ઉંચકતા જ આ માણસ બોલ્યો હતો કે આજ સુધી હું અંગ્રેજ સરકારને વફાદાર હતો પણ આજથી હવે હું ભારતનો બળવાખોર નાગરિક છું.

ક્રમશઃ





## વિલાસથી વૈરાગ્યના ઉપવન તરફ પ્રયાણ કરશે
## મુમુક્ષુ 'રીષી' ઝવેરી તથા માતા 'સુનિતાબેન'

❖ નિવાસસ્થાન : અમેરિકા ❖ મૂળવતન : ખંભાત ❖ માતા-પિતા : સુનિતાબેન મનિષભાઈ ઝવેરી
❖ વ્ય. અભ્યાસ : કેનેડામાં બી.એસ. અને એમ.એસ.ની ડિગ્રી સાથે સોફટવેર એન્જિનીયર
❖ વ્ય. સિદ્ધિ : સેલ્સ ફોર્સ કંપની-અમેરિકામાં સિનીયર સોફટવેર એન્જિનીયરનો જોબ. માસિક દસ લાખની સેલેરી ❖ વિલાસની દુનિયા : ટ્રેકીંગનો, વાંસળી વાદનનો શોખ, ગિટાર પણ વગાડી જાણે, ડાન્સીંગ અને રાસ-ગરબામાં અગ્રેસર, કરાટેમાં બ્લેક બેલ્ટ વિનર.
❖ ધર્મક્ષેત્રમાં પ્રવેશ : ૧૨ વર્ષ પહેલાં ઈન્ડિયા આવવાનું થયું. અમદાવાદ રહેતા મામા **એલર્ટ સુકેતુભાઈ**ના ત્યાંથી તેમની સાથે સેટેલાઈટ શ્રીસંઘના ઉપાશ્રયે જવાનું થયું. ત્યાં બિરાજમાન યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન સરળ સ્વભાવી **પૂ.પં.શ્રી વિરાગરત્ન વિ.મ.**ને વંદન કર્યા અને તેમની સાથે ક્ષણીક છતાં અંતરનું જોડાણ થયું.

પછી તો જ્યારે જ્યારે આવવાનું થયું ત્યારે ત્યારે તેમનું સાન્નિધ્ય મેળવતા રહ્યા. ક્યારેક વિહારમાં જોડાયા. દીક્ષા જીવનના સ્વપ્ન દેખાવા લાગ્યા. ક્યારેક તો ૪૫ ડીગ્રી ગરમીમાં રાજસ્થાનના નિર્જન રસ્તાઓ ઉપર પૂજ્યશ્રી સાથે કુલ ૧૫૦૦ કિ.મી.ના વિહારો કર્યા. સાથે સાથે પાઠશાળામાં પણ આનંદની વાતો, સાધુ જીવનની અને સાચા સુખની વાતો શેર કરતા ગયા. અમેરીકામાં રહી એલર્ટ ગ્રુપમાં જોડાયા. જિનશાસનની પ્રવૃત્તિમાં સાત્ત્વિક આનંદ આવવા લાગ્યો. વિ.સં.૨૦૭૯ની બલસાણા એલર્ટ ગ્રુપના મહામિલન-શિબિરમાં ટોપટેનમાં પસંદગી પામ્યા. પરંતુ તે પહેલાં જ તેઓ સાધુ જીવનની પસંદગી કરી ચૂક્યા હતા.

દેવ-ગુરુની કૃપાથી અને પૂજ્ય મમ્મી-પપ્પાના આશીર્વાદથી જીવનમાં ૩ વાર અટ્ઠાઈની આરાધના તથા વર્ધમાન તપની ૨૭ ઓળી સુધી પહોંચ્યા. સાથે સંયમનું લક્ષ્ય હોવાથી ગુજરાતી ભાષા તથા સંસ્કૃત ભાષાનો પણ ઝડપથી અભ્યાસ કર્યો.

આજે **રીષીભાઈ** એક પાત્ર મુમુક્ષુ તરીકે દેશ-વિદેશના અનેક સંઘોમાં બહુમાન પ્રાપ્ત કરી દીક્ષા માટે મુંબઈ આવી રહ્યા છે.

આશ્ચર્યની વાત તો એ છે, કે વહાલસોયા પુત્રરત્નને દીક્ષાની રજા આપી ચૂકેલા માતા **સુનિતાબેન** પણ અંતરમાં તો વૈરાગ્ય લઈને બેઠેલાં હતાં. પુત્રનું નિમિત્ત મળતાં પુત્રની સાથે તેઓશ્રી પણ સંયમ માર્ગે જવા કટીબદ્ધ બન્યાં છે. એટલે હવે કંકોત્રીમાં માત્ર 'રીષી' નહીં પણ છત્ર બની માતુશ્રી પણ જૈન સાધ્વીજી બની પરિવારનું ઘરેણું બનશે.

વર્તમાનકાળમાં પણ પ્રભુએ પ્રકાશેલ માર્ગ હજુય અકબંધ પ્રવર્તી રહ્યો છે. અમેરિકા જેવા વિલાસ ભરપૂર અને ભૌતિક ભૂતાવળોથી ભરપૂર નિમિત્તો વૈરાગી આત્માના અંતરની કાંકરી ખેરવી શક્યા નથી.

બન્ને મુમુક્ષુઓની દીક્ષા **શ્રી શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસમંદિરમ્ તીર્થ** જે પૂજ્ય ગુરુદેવશ્રી **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાની પ્રેરણાથી નિર્માણ પામ્યું છે. ત્યાં શ્રી સંઘકૌશલ્યધાર પૂ.આ.શ્રી **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજાની સાથે અનેક પૂ.આ.ભગવંતો તથા જેમના ચરણે જીવન સમર્પણ કરશે તેવા ગુરુજી **પંન્યાસ વિરાગરત્ન વિ.મ.** આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવનનિશ્રામાં **૮મી જુને જેઠ સુદ-૧૨, રવિવારે** મહોત્સવપૂર્વક ઉજવાશે.

**પૂ.પંન્યાસશ્રી વિરાગરત્ન** આદિ ઠાણાનું ચાતુર્માસ પૂ.આ.શ્રી **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજાની સાથે **મુંબઈ ઈર્લા શ્રીસંઘ**માં થશે.

## માનસ મંદિરે ૨૮મી ફાગણ ફેરી સંપન્ન

**સમય :** વિ.સં.૨૦૮૧, ફા.સુ.૧૩, તા.૧૨-૩-૨૦૨૫

**નિશ્રા :** શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયના **પૂ.પં.શ્રી દીક્ષિતરત્ન વિ.મ.** તથા અનેક શ્રમણી ભગવંતોના ગ્રુપો.

દર વર્ષની જેમ આ વખતે પણ શ્રી શત્રુંજય તીર્થધામ ભુવન ભાનુ માનસમંદિરે **૨૮મી** શ્રી શત્રુંજય મહાતીર્થની છ ગાઉ ભાવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રિકોની સગવડ માટે મુંબઈના વિવિધ વિસ્તારોમાંથી આવવા **એલર્ટ ગ્રુપ ઓફ ડાયમંડ માર્કેટ** તથા અન્ય ગ્રુપો તરફથી બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. તે સિવાય સેંકડો નાના-મોટા વાહનોમાં ૨૦૦૦૦ ઉપરાંત યાત્રિકોએ ભાવયાત્રાનો લાભ લીધો હતો.

ટ્રસ્ટીશ્રી **સમીરભાઈ ઝવેરી, ભરતભાઈ વર્ધા, મહેન્દ્રભાઈ શાહ, સુભાષભાઈ શાહ, લક્ષ્મીચંદભાઈ ગડા, રાજુભાઈ ગાંધી, ગીરીશભાઈ શાહ, ભાવિનભાઈ શાહ, મુકેશભાઈ કોઠારી, જિનેશભાઈ દોશી, મુકેશભાઈ જૈન** આદિ તથા કમિટિ મેમ્બરોએ મળી તીર્થમાં સુંદર વ્યવસ્થાઓ ગોઠવી ઉપસ્થિત રહ્યા હતા.

તીર્થના ૧૨ જેટલા જિનાલયો, ગુરુમંદિરો વગેરેને શણગારવામાં આવ્યા હતા. મૂળનાયક ભગવાન તથા ૯ સ્મરણના જિનાલયોમાં ભગવાનની સુંદર અંગરચના **કૌશીકભાઈ** ગોરેગામવાળા દ્વારા તથા જય તળેટી જિનાલયમાં દાદા આદિનાથ તથા હેમપાર્શ્વનાથની અંગરચના **હેમાબેન ઝવેરી** - ગોવાલીયાટેંક દ્વારા કરવામાં આવી હતી.

**આયોજનનાં મુખ્ય આધારસ્તંભ :**

**નિર્મલા લીલાનીના સ્મરણાર્થે સ્વ. મોતીરામ લીલાની પરિવાર - મુલુંડ / માતુશ્રી શોભનાબેન અમરીશભાઈ શાહ - પેડરરોડ (ટ્રસ્ટી તથા કેસરપાણીનો પાલ) તથા નાકોડા ભૈરવ ભક્તિમંડળ - ઘાટકોપર (વે.) (રાબ-ખીચડીનો પાલ)**

**સહયોગી દાતા : શ્રી માણેકચંદજી સરેમલજી કોઠારી - ભીનમાલ (ગરમ ચાય - ઉત્તપ્પાનો પાલ)**

❖ **શ્રી માનસ આસ્થા પરિવાર - ડોમ્બીવલી** (ડ્રાયફ્રુટનો પાલ) ❖ **શ્રી ભુપેન્દ્રભાઈ વાડીલાલ મહેતા** - (સંતરા જ્યુસનો પાલ) ❖ **વર્ધમાન જૈન સંઘ** - મોલેલા (ઈમરતી-પાપડીનો પાલ) ❖ **મંગલ ગ્રુપ / જય જિનેન્દ્ર ગ્રુપ** (ઠંડઈનો પાલ) ❖ યાત્રિકોને ટોલ ફ્રી - એન્ટ્રી માટે સહાયક : **શ્રી અશોકભાઈ જૈન** - ભીવંડી

**આયોજકમાં વ્યવસ્થા ચક્ર તથા સેવા આપનાર :**

મહારાષ્ટ્ર એસ.ટી.બસ મહામંડળ ❖ પોલીસ વિભાગ ❖ રેલવે પોલિસ ❖ રેલ્વે સ્ટેશન કર્મચારી વર્ગ ❖ એલર્ટ ગ્રુપની શાખાઓ પૈકી - શહાપુર, ભાયંદર, ડાયમંડ માર્કેટ, ભિવંડી, નેમ-રાજુલ ગ્રુપ - ભિવંડી, વિરાર, નાલાસોપારા, વસઈ, શીંદખેડા તથા જે.વી.એમ. બેન્ડ ભિવંડી, માનસ આસ્થા ગ્રુપ ડોમ્બીવલી, સુણતર મહિલા મંડળ, બ્રાહ્મી-સુંદરી ગ્રુપ, વિરાર આદિ નામી-અનામી અનેક કાર્યકર્તાઓ જોડાયા હતા. સંગીતકાર **નિસર્ગ જૈને** સુંદર ભક્તિ કરાવી હતી.

૪૩ ઉપરાંત પાલમાં વિવિધ સંઘો તથા શ્રેષ્ઠિઓ દ્વારા લાભ લેવાયો હતો. પાલના લાભાર્થીઓ તથા કાર્યકર્તાઓનું બહુમાન તીર્થ તરફથી કરવામાં આવ્યું હતું.

દાદાનો દરબાર, તળેટી જિનાલય, જુની ભોજનશાળા તથા વિશાળ ઉત્સવ મંડપને પણ સુંદર શણગારી પાલની તથા ઠેર ઠેર પાણીની પરબની વ્યવસ્થા કરવામાં આવી હતી.

માનસમંદિરના ૨૦૦ ઉપરાંત સ્ટાફના કાર્યકરો પણ અજોડ સેવામાં જોડાયા હતા. પાલના લાભાર્થી તથા યાત્રિકોએ તેમની સેવાની ખૂબ જ પ્રશંસા કરી હતી.

સવારે પંજાબી ઢોલ અને નૃત્યકારોની મંડળી સાથે પૂજ્યોની સાથે ભાવયાત્રાનો પ્રારંભ થયો હતો અનેક યાત્રિકો સાથે જોડાયા હતા. માર્ગમાં ઠેર ઠેર યાત્રા સંબંધી બેનરો ગેટ તથા રચનાઓ ઊભી કરવામાં આવી હતી. જય તળેટી પ્રદક્ષિણા, ચૈત્યવંદન, ગિરિરાજને વધામણા કરી આરોહણ માર્ગની દેવકુલિકાઓને વંદન કરતાં સહુ શ્રી શાંતિનાથ જિનાલય જુહારી મુખ્ય જિનાલયના વિશાળ પરિસરમાં પધાર્યા હતા. ત્યાં નૂતન નિર્માણાધિન ૧૦૮ના શ્રી ઘીયા પાર્શ્વનાથ તથા પ્રાચીન શ્રી શાંતિનાથ જિનાલય (પાટણ) સાથે નવ સ્મરણોના છ જિનાલયો જુહારી મુખ્ય જિનાલયમાં પ્રદક્ષિણા પૂર્વક ચૈત્યવંદન માટે પહોંચ્યા ત્યારે દાદાનો આખોય દરબાર ખીચોખીચ ભરાઈ જવા પામ્યો હતો. અદ્‌ભુત રચના અને આંગીના દર્શન કરી યાત્રિકો અહો અહો કરવા લાગ્યા હતા.

યાત્રા બાદ સહુ પાલ તરફ ઉતરવા લાગ્યા હતા. વચ્ચે હેતલભાઈ વિક્રોલિ વાળાએ સેલ્ફી પોઈંટ ઊભો કરેલ હતો. ત્યાં પૂ.ગુરુદેવશ્રી **હેમરત્નસૂરીશ્વરજી મહારાજા** સાથે પોતાનો ફોટો - સેલ્ફી વીથ પ્રિંટ લેવા ભક્તોની લાઈન લાગી હતી. પાલના લાભાર્થીઓએ પણ યાત્રિકોની ખૂબ ભક્તિ કરી હતી. રાત્રિના ૯ સુધી યાત્રિકોનો દર્શન માટે પ્રવાહ ચાલુ રહ્યો હતો. હજારો યાત્રિકોએ ભાવયાત્રાનો આનંદ માણ્યો હતો.

# એલર્ટ ગ્રુપના યુવાનો દ્વારા કરાતી વિવિધ સુંદર એક્ટિવિટી




ભીવંડી ગ્રુપ દ્વારા જિનાલય શુદ્ધિકરણ




ભીવંડી ગ્રુપ દ્વારા ઠંડા પાણીની પરબનું સુંદર આયોજન




વસઈ ગ્રુપ દ્વારા સામૂહિક સંક્ષિપ્ત સિદ્ધચક્ર આરાધનાનું આયોજન



ભરૂચ ગ્રુપ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડનું વિતરણ






વસઈ ગ્રુપ દ્વારા ઠંડી છાશ અને પાણીના કુંડનું વિતરણ




ધાંગધ્રા ગ્રુપ દ્વારા પ્રાણી બચાવો અભિયાન



ડોમ્બીવલી ગ્રુપ દ્વારા પૂજારીઓનું બહુમાન



ગોડીજી ગ્રુપ દ્વારા મિલ્ક શરબતનું વિતરણ







બ્રાહ્મીસુંદરી અમદાવાદ 'ડીસાઈડ ચોર ડેડ લાઈન' તથા 'પાસવર્ટ'નો કાર્યક્રમ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514